# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૨ સને ૨૦૨૪ સં.૨૦૮૦
અંક : ૮ મહા-ફેબ્રુઆરી સળંગ અંક-૧૨૮

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ
**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**
પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ
ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,
અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,
આચાર્યદેવ શ્રીમદ્
**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**
**અને**
**: પત્ર વ્યવહાર :**



રાજેશ બી. શાહ
જી-૨૦૪, ઈન્દ્રપ્રસ્થ-૫, પ્રહ્‌લાદનગર
ગાર્ડન સામે, એચ.ડી.એફ.સી. બેન્કની
લાઈનમાં, સુરધારા બંગ્લોઝ પાસે,
પ્રહલાદનગર, અમદાવાદ-૧૫.
(M) 9925012355



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**
**આજીવન રૂ. 1000-00**
**પેટ્રન રૂ. 2000-00**


આ અંકમાં.....


★ દુઃખ નહીં, પાપ-મિટાવણહારા...
★ માનવજાતની માનવતા વિહોણી દાસ્તાન...
★ આત્મવિજ્ઞાન - ૩
★ પદ્મ પ્રેરણા
★ આ અંકની લઘુકથા


## આર્ષવાણી

**सन्तोषस्त्रिषु कर्तव्यः,**
**स्वदारे भोजने धने ।**
**त्रिषु नैव च कर्तव्यो,**
**दाने चाध्ययने व्रते ।।**

**પોતાની પત્નીમાં, ભોજનમાં અને ધનમાં: આ ત્રણમાં સંતોષી બનવું જોઈએ. જયારે દાનના વિષયમાં, અધ્યયન (જ્ઞાન) અને વ્રત-નિયમ ગ્રહણ કરવામાં ક્યારેય સંતોષ ન હોવો જોઈએ.**

જે રીતે માનવોમાં ચક્રવર્તી, દેવોમાં ઈન્દ્ર, શ્રેષ્ઠ ગણાય છે; તેમ સર્વગુણોમાં સંતોષ મુખ્ય ગુણ ગણાય છે.



## ★ દુઃખ નહીં, પાપ-મિટાવણહારા... ★★★

- શ્રી ભક્તિમિત્ર

હે પાપ મિટાવણહારા ! જીવમાત્રનાં દુઃખોનાં કારણ તરીકે તમામ ધર્મશાસ્ત્રોનો એક જ જવાબ છે: પાપ. પાપના ઉદય વગર દુઃખ સંભવિત જ નથી. પાપના ક્ષય માટે ધર્મ સિવાય કોઈ ઉપાય નથી. હે ભગવન્! પાપ કરવામાં ક્યારેય મેં પાછું વળીને જોયું નથી. અલબત્ત, આનંદ-ઉલ્લાસથી અને રાચી-માચીને પાપો કર્યાં છે. તેના ઉદયકાળમાં હું રોઉ છું. આર્તધ્યાન-રૌદ્રધ્યાન કરવા પૂર્વક તે દુઃખના સમયે દુઃખોને દૂર કરવાના તમામ ઉપાયોમાં નિષ્ફળતા મળતાં તારી પાસે આવું છું. આવીને માત્ર દુઃખોને દૂર કરવાની વિનંતિ કરું છું પરંતુ પાપોથી તો તસુભર અટકવા તૈયાર નથી. તારી પાસે દુઃખોને રોનારો હું પાપોને રોતો નથી. નવાં નવાં પાપો કરવાના પ્લાનિંગ જ કરતો હોઉં છું. દુઃખોને દૂર કરવાય પાપોનો જ માર્ગ અખત્યાર કરું છું... હે નાથ! મારાં દુઃખો ક્યાંથી દૂર થાય?

વળી, હે જ્ઞાનેશ્વર! આપ તો જાણો જ છો કે- એ પાપના ઉદયે આવેલાં દુઃખોમાં હું વિપાક વિચય (ધર્મ ધ્યાનના ચાર પ્રકારમાંનો એક પ્રકાર) નામના ધ્યાનમાં ન રહેતાં આર્તધ્યાન રૂપ દુર્ધ્યાન જ કરું છું. અસમાધિભાવના પ્રવાહમાં તણાઉં છું. તારા સાધનાકાળમાં આવતા ઘોર ઉપસર્ગો અને પરિષહોની ભયાવહ પીડામાંય તારી સમતા-સહનશીલતા અને ધર્મધ્યાનની અખંડધારાનું વર્ણન સાંભળતાંય મારાં રોમ-રોમ ખડાં થઈ જાય છે. સામાન્ય માનવીના તો પ્રાણ જ ચાલ્યા જાય એવી ભયંકર વેદનામાંય તું પ્રસન્ન રહેતો... હે પ્રભો! આવા સમયે બે વિચારો મારા મનમાં ઊઠે છે. ૧. એક તરફ તારું પુણ્ય નજર સામે આવે છે... તેમાંય જન્મના ચાર સહજાતિશય દૃષ્ટિપથમાં જણાય છે... કેવું તારું રૂપ..? કેવું તારું શારીરિક સામર્થ્ય-બળ? પુણ્ય તો એવું કે - શરીરમાં ક્યાંય રોગને આવવાની જગ્યા જ ન મળે! (રોગ-ઉરગ તુજ નવિ નડે... અમૃત જેહ આસ્વાદ; તેહથી પ્રતિહત તેહ માનું કોઈ નવિ કરે, જગમાં તુમશું રે વાદ... પ્રથમ જિનેશ્વર પ્રણમીએ...) પરંતુ બીજી તરફ ૨. આવા સાતિશય પુણ્ય વચ્ચેય અઘાતિકર્મરૂપ વેદનીય કર્મ અશાતારૂપે બહારથી વેદનાઓનો વરસાદ વરસાવે છે! કેવી ગજબ છે આ પુણ્ય-પાપની લીલા?

એક તરફ ૩૨,૨૮ લાખ... વિમાનના માલિક ગણાતા ઈન્દ્રો પણ આપને નમે છે... ભક્તિભાવ ધારણ કરે છે... બીજી તરફ મુફલિસ ગણાતો-ઠેકાણા વગરનો સામાન્ય માનવી ઉપસર્ગોની ઝડીઓ વરસાવે છે! એકના દિલમાં ભક્તિનો ભાવ છલકાય છે, તો બીજાના દિલમાં ક્રોધ અને દ્વેષની આગ-જ્વાળાઓ લબકારા મારે છે! એક ઝૂકે છે ને બીજો ઝઝૂમે છે! એકને આપનું દર્શન ઠારે છે ને બીજાને

બાળે છે! એક જીવ ભક્તિ કરીને કર્મોને બાળે છે તો બીજો પીડાનાં દાનદ્વારા ચીંકણાં કર્મો બાંધે છે! એક સંસાર કાપે છે ને બીજો સંસાર વધારે છે. એક જીવ ભક્તિથી આપને પોતાના દિલમાં ભગવાન તરીકે પધરાવે છે ને બીજો દુશ્મન તરીકે સ્વીકારે છે. અલબત્ત, દુશ્મન તરીકે સ્વીકારનાર પર આપ તો એવી કરુણા વરસાવો છો કે જેનાથી (તેની પાત્રતા હોય તો) તેય સંસારથી તરી જાય છે. મતલબ કે તેનુંય કલ્યાણ આપ કરો છો! (હે કરુણાના કરનારાઃ તારી કરુણાનો કોઈ પાર નથી...) એમ કહેવાનું મન થાય કે- તને સજા આપનારનેય તું મજા કરાવે છે! દુઃખનું દાન કરનારને પણ તું સુખ આપે છે. 'ઈંટનો જવાબ પત્થરથી' એવી જગતની કહેવતને તેં તારા જીવનમાં ક્યારેય અવકાશ નથી આપ્યો. દ્વેષીને રાગી-અનુરાગી, અનુરાગીને વિરાગી અને વિરાગીને વીતરાગી તેં બતાવ્યા છે! અર્થાત્ દુશ્મન ગણાતા જીવોનેય તેં તારા પદે પ્રતિષ્ઠિત કરી દીધા છે.

હે પરમ-ચરમપદ - પ્રતિષ્ઠિત! તું તો એવી જગ્યાએ, એવા પદ પર વિરાજમાન થઈ ગયો છે કે, હવે જગ્યા કે પદથી ક્યારેય કોઈ વ્યક્તિ તને હરાવી ન શકે. તને સ્થાન ભ્રષ્ટ ન કરી શકે. દુશ્મન પણ તારું અહિત ન કરી શકે. હા, નાસ્તિક જીવો અપેક્ષાએ તારા દુશ્મન ગણાય, પણ હવે તારા સુધી તે પહોંચી નથી શકતા... તે જ રીતે શરીર વગેરે ન હોવાથી શસ્ત્રાદિથી હણી તેમ નથી. હવે તો તું માત્ર શુદ્ધ સ્વરૂપે-જ્યોતિરૂપે વિરાજમાન છે. છદ્મસ્થ જીવો તો તને જોવાય સમર્થ નથી! કાશ! તું બધાને જોઈ શકે છે!! દુશ્મનને જોવા છતાં, ભૂતકાળની અપેક્ષાએ તેને ઓળખવા છતાં તારામાં કોઈ પરિવર્તન આવતું નથી. તારી છદ્મસ્થ અવસ્થામાં જેને તેં દુશ્મન નથી માન્યો તો હવે ક્યાંથી માને ? કર્મ અને સંસ્કાર હોય તો દુશ્મન કે દુશ્મનાવટ હોય... તું તો હવે અકર્મા બની ગયો છે. સંસ્કાર પણ છેવટે તો શુભાશુભ કર્મના યોગે જ હોય છે ને?

બિચારો નાસ્તિક, રાંક એવો આપનો દુશ્મન... ભલે આપના સુધી ન પહોંચી શકતો હોય... પરંતુ નાસ્તિકતા વગેરેના યોગે અહીં રહીનેય તારા પર, તારી છબી કે પ્રતિમા પર દ્વેષ કરીને, અપમાન દુષ્પ્રચાર વગેરે કરવા દ્વારા મન-વચન-કાયાથી અશુભ કર્મો તો બાંધે છે. જાતનું જ અહિત-અનિષ્ટ કરે છે. ખેર! એમાં એ જીવનો નહીં, એનાં અશુભકર્મ, મિથ્યાત્વ વગેરે દોષો-દુર્ગુણો જવાબદાર ગણાય છે. એવા જીવો પ્રત્યે પણ દ્વેષાદિ કરવાની આપે જ ના કહી છે. કારણ, કર્મોમાંય પરિવર્તન આવે છે. અશુભકર્મનો કાળ પૂરો થતાં અને શુભકર્મોનો ઉદયકાળ આવતાં દોષો ચાલ્યા જાય છે. ગુણોનો આવિષ્કાર થતો-થયેલો જણાય છે. આવા સમયે તે જીવો દ્વેષી મટી રાગી- અનુરાગી બની જાય છે. આપની સાચી ઓળખ થાય છે. દૃષ્ટિ સમ્યગ્ બનવાના કારણે ગુણોનું આકર્ષણ થાય છે. ગુણોની



ગુણોરૂપે ઓળખાણ થાય છે. તે જીવો હવે આપને દુશ્મન રૂપે નહીં; તારક-ઉદ્ધારકના સ્વરૂપે જુએ છે. દુશ્મનનુંય ભલું કરનારા તરીકે જુએ છે. મોહના યોગે દોષરૂપ દેખાતા આપ હવે તેઓને; મોહનું (મિથ્યાત્વનું)ઝેર ઊતરવાના કારણે ગુણરૂપે જણાવો છો, દેખાઓ છો. તેના જ કારણે જે દિલમાં દ્વેષ બેઠો હતો તે જ દિલમાં ભક્તિનો ભાવ ઊછળતો દેખાય છે. આંખો એ જ હોવા છતાં ને સામે વ્યક્તિ (આપ) એ જ હોવા છતાં નજર (જોવાની દૃષ્ટિ) બદલાવાના યોગે જ આ પરિવર્તન અનુભવાય છે.

હે પ્રભો! આપની દૃષ્ટિમાં પહેલેથી જ અમૃત હોવાથી ક્યારેય તેમાં પરિવર્તન નથી આવતું! આ અમૃત પણ સાહજિક હોય છે. આમાં ક્યારેય વિકૃતિ જોવા નથી મળતી. દૂધમાં વિકૃતિ આવે, અમૃતમાં નહીં! હે દેવાધિદેવ! તારી આ અમૃત દૃષ્ટિ અને તારા પરમપવિત્ર આત્મદ્રવ્યનો હું ઉપાસક છું... એ ઉપાસનાના માધ્યમથી હું પણ તારા જેવો જ ઉપાસ્ય બની જઈશ; એવી મને પાકી શ્રદ્ધા છે. માત્ર તારા અદ્ભુત કામણગારા રૂપથી ખેંચાયેલ પતંગિયા રૂપે હું નથી. ગુણના આકર્ષણથી ખેંચાયેલો ભમરો છું. ગુલાબ-કમળાદિ ફૂલ પર સુંગધથી ખેંચાયેલા ભમરાનું નજીક જવા છતાં, એનો રસ લેવા છતાં તેને ; દીવાની જ્યોતમાં આકર્ષિત થવાના યોગે મળતાં મોતની સજા નથી ભોગવવી પડતી! તેને તો તેમાંથી સુંદર રસ મળે છે. તૃપ્તિ થાય છે. ફૂલને પણ તેનાથી કોઈ પીડા થતી નથી ! આવું જ આકર્ષણ તારા પ્રત્યે મારું છે. તેમાં તને પીડા નથી, અને મને લાભ જ લાભ છે! મારી ઉન્નતિમાં, ઉત્કર્ષમાં આત્મવિકાસથી લઈ સિદ્ધિ પ્રાપ્ત કરવામાં તું નિમિત્ત બની; તારું 'તરણ-તારણ' બિરુદ સાર્થક કરે છે.

હે નિષ્કારણબંધુ! હે કારુણ્યભંડાર! તારાં અનેકાનેક બિરુદોને સાર્થક કરવા મને પણ ઉગારજે, મારોય હાથ પકડજે. પાપમુક્તિ અને દુઃખમુક્તિમાંથી હંમેશ માટે મુક્તિ અપાવજે; એજ નમ્ર પ્રાર્થના.

## ★ માનવજાતની માનવતા વિહોણી દાસ્તાન... ★★★

**-સંકલન મિત્ર**

### બીજાવિશ્વયુદ્ધસમયની કરુણ દાસ્તાન

યુદ્ધો તો હજારો-લાખો વર્ષોની જ નહીં- અસંખ્ય વર્ષોથી ખેલાતાં આવ્યાં છે. જમીનના ટુકડા માટે, સત્તાની લાલસાથી કે સંપત્તિના લોભથી આ યુદ્ધોનાં મંડાણ થતાં હોય છે. કેટલાક યુદ્ધો વિષયની વાસનાના કારણે પણ થયાં છે.

અહીં વાત કરવી છેઃ જમીન વગેરે માટે થયેલાં યુદ્ધના આડે ઊઠેલી વાસનાની આગની. વિષયોનું ભૂત ક્યાં નથી ધૂણતું? વાસનાના યોગે બાળકીઓથી લઈ

કિશોરીઓ, યુવતીઓ અને તમામ પ્રકારની લગ્ન થયેલી સ્ત્રીઓની જે કરુણ હાલત થઈ છે, તેની કેટલીક વાતો અહીં રજૂ થશે.

ગુજરાત સમાચારની બુધવારે આવતી 'સારાંશ' નામની કોલમના લેખક વિનોદ ડી. ભટ્ટની કલમથી આલેખાયેલા સાત લેખો વાંચવાથી તે સમયની કલ્પનામાંય ન આવે એવી કરુણ દાસ્તાન, જે હૃદયદ્રાવક છે; તેનું કલ્પના ચિત્ર ચોક્કસ ઊભું થશે.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ચીન (જે હાલ પણ અનેક પ્રકારના અતિક્રમણ અને અત્યારમાં ચર્ચાની એરણ ઉપર છે. મફતનું પડાવી તેની લેવાની તેની ખોટી દાનત અનેક દેશોમાં અનુભવાય છે.) ની રાજધાની (પાટનગર) નાનકીંગ શહેરની કાળજાં કંપાવનારી, હૃદયદ્રાવક વાતો વાંચવાથી ખ્યાલ આવશે કે, જાપાનના લશ્કરે હિંસા ઉપરાંત કેવા કેવા અત્યાચારો દ્વારા કાળો કેર વર્તાવ્યો હતો. જાપાની સૈનિકો કેવા પત્થર હૈયાના અને ક્રૂરતા સાથે વાસનાના વરુ બનીને તૂટી પડ્યા હતા... તેની કરુણ દાસ્તાન જાણવા મળશે. પુરુષો-બાળકો સહિત સ્ત્રીઓ-યુવતીઓ અને બાળકીઓને પણ છોડ્યા નથી. યુદ્ધ તો મોટેભાગે સૈનિકો - સૈનિકો વચ્ચે થતાં હોય છે. આ તો હદ વટાવી દીધી કહેવાય!

આ બધી વાતો જે વ્યક્તિએ ત્રણ વરસની મહેનતથી ભેગી કરીને, આઈરિશ ચાંગે **'ધ રેપ ઓફ નાનકિંગ'**પુસ્તક લખ્યું. તે જમાનામાં બેસ્ટ સેલર બનેલા આ પુસ્તકે વિશ્વભરમાં ખળભળાટ મચાવેલો. પરંતુ કરુણતાની પણ કરુણતાએ બની કે આ લેખિકાએ માત્ર પોતાની ૨૯ વર્ષની ઉંમરે આ બુક લખી પછી આ વાતોની એના મગજ પર પડેલી આડઅકારોના કારણે એ ડિપ્રેશનનો ભોગ બની... ૩૬(૪૦) વર્ષની ઉંમરે પિસ્તોલનું નાળચું પોતાના મોંઢામાં રાખી ટ્રીગર દબાવીને પોતાના જીવનનો અંત લાવી દીધો !!! - વાંચો હવે લેખમાળા.... (હપ્તે હપ્તે એ અહીં રજૂ થશે)

**- સંપાદક**

### બીજા વિશ્વયુદ્ધમાં ચીનના તે વખતના પાટનગર નાનકિંગ શહેરમાં જાપાની લશ્કરના અત્યાચાર

બીજા વિશ્વયુદ્ધનું સૌથી કાળું અને કલંકિત પ્રકરણ જર્મનીના સરમુખત્યાર શાહી શાસક હિટલરનું છે. લાખ્ખોની સંખ્યામાં યહૂદિઓના સંહાર માટે હિટલરે ઊભા કરેલા કોન્સનટ્રેશન કેમ્પમાંના ગેસ ચેમ્બરોની વાતો વાંચનારને હચમચાવી મૂકે તેવી છે.

ઓસ્ટ્રિયાંના સાયકિએટ્રિક્ટ ડૉ.વિક્ટર ફ્રેન્કલના આખા પરિવારને નાઝી સૈનિકોએ પકડીને કોન્સનટ્રેશન કેમ્પમાં ધકેલી દીધું હતું. ત્રણેક વર્ષના આ કારાવાસ દરમિયાન ડો. ફ્રેન્કલની સગર્ભા પત્ની, માતા-પિતા અને ભાઈનો ભોગ લેવાઈ ગયો. હિટલરના નાઝી સૈનિકોએ લગભગ ૬૦ લાખ યહૂદિઓને મોતને ઘાટ ઊતારી દીધા હતા. ઈતિહાસના આ કલંકિત પ્રકરણ વિશે ઘણા બધાને ખબર છે. પરંતુ બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન જાપાની સૈનિકોએ કેવળ ચીની સૈનિકો જ નહીં કિંતુ ચીની પુરુષો, સ્ત્રીઓ, યુવતીઓ અને બાળકો પર ગુજારેલા અમાનુષી અત્યાચારની કાળજું કંપાવતી વાતો હિટલરના કોન્સનટ્રેશન કેમ્પના અત્યારચારો જેટલી વ્યાપકરીતે જાણીતી નથી થઈ.

ચીનના નાનકિંગ શહેરમાં બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જાપાની લશ્કરે ગુજારેલા બેહદ અત્યાચારોના પડઘા હજી ચીન-જાપાન વચ્ચેના કડવાશભર્યા સંબંધોમાં પડઘાય છે.

જાપાની સૈનિકોએ હજારો યુવતીઓ-સ્ત્રીઓ પર બળાત્કાર ગુજાર્યા બાદ એ યુવતીઓની પણ નિર્દયતાથી હત્યા કરાઈ હતી.

એક ઈતિહાસકારે અડસટ્ટે ગણત્રી કરીને નોંધ્યું છે કે જાપાની લશ્કરે કરેલા માનવ સંહારમાં જેટલા લોકો મર્યા એ લોકોના મૃતદેહો એક લાઈનમાં મુકાય તો નાનકિંગથી ૨૦૦ માઈલ દૂરના હેન્ગચોવ શહેર સુધીની લાઈન થઈ જાય. આ હત્યાકાંડમાં જે રક્તપાત થયો એ લોહીનું વજન કરાય તો ૧૨૦૦ ટન જેટલું થાય એવું ઈતિહાસકારોએ નોંધ્યું છે.

માલગાડીના (ગુડ્સ ટ્રેનના) ૨૫૦૦ ડબ્બા ભરાઈ જાય એટલા બધા મૃતદેહોના ઢગલા નાનકિંગ શહેરમાં ખડકાયા હતા.

ઈતિહાસના પાને જે અત્યંત ઘાતકી નરસંહાર નોંધાયા છે. તેમાં નાનકિંગનો સંહાર અવ્વલ નંબરે આવે એવો છે.

વીસમી સદીમાં હિટલરે ૬૦ લાખ યહૂદિઓને મારી નાંખ્યા હતા જ્યારે રશિયામાં જોસેફ સ્ટાલિને લગભગ બે કરોડ જેટલા રશિયનોનો સંહાર કર્યો હતો.પરંતુ આ બન્ને નિર્દયી આપખુદ શાસકોએ આટલો મોટો નરસંહાર કર્યા તે ટૂંકા સમયગાળામાં નહીં પરંતુ પાંચથી સાત વર્ષના લાંબા સમયગાળામાં કરાયા હતા. જ્યારે જાપાની સૌનિકોએ ચીનના નાનકિંગ શહેરમાં કેવળ ૪૨ થી ૪૫ દિવસમાં જ લાખ્ખો લોકોનો નરસંહાર કર્યો અને લગભગ ૫૦,૦૦૦ સ્ત્રીઓ પર બળાત્કાર ગુજાર્યો હતો.

અને આ નરસંહાર એટલો બધો ક્રૂર, ઘાતકી અને જુગુપ્સાજનક હતો કે "ધ રેપ ઓફ નાનકિંગ" પુસ્તક લખનાર અમેરિકન લેખિકા આઈરિશ ચાન્ગ પુસ્તક

પ્રકાશિત થયા બાદ ઘેરી હતાશામાં (ડિપ્રેશન) ગરકાવ થઈ ગઈ હતી.

આઈરિશ ચાન્ગે આ પુસ્તક લખવા માટે ત્રણ વર્ષ સુધી સતત સંશોધન કાર્ય કર્યું હતું. નાગકિંગ શહેરમાં જાપાની સૈનિકોએ ગુજારેલા અત્યાચાર વિશેના અગાઉ પ્રકાશિત થઈ ચૂકેલાં લેખો, રિપોર્ટસ અન્ય ઐતિહાસિક દસ્તાવેજોનો ચાન્ગે ઊંડો અભ્યાસ કર્યો હતો. નેશનલ આર્કાઈવમાં જઈ નાનકિંગના અત્યાચારો વિશે જે કોઈ સામગ્રી પ્રાપ્ત થઈ, તેનું પણ ચાન્ગે વાંચન કર્યું હતું. આ ઉપરાંત તેણે નાનકિંગના અત્યાચાર નજરે જોનાર જે કોઈ થોડા ઘણા સાક્ષીઓ હતા તેમના ઈન્ટર્વ્યૂ લીધા અને આર્કાઈવમાં જઈ ઘણું સંશોધન કર્યું હતું.

નાનકિંગમાં જાપાની લશ્કરે હજારો લોકોના માથા વાઢી નાંખ્યા, ઘણાને નદી, સરોવર, તળાવોમાં ડૂબાડીને મોતને ઘાટ ઊતાર્યા, હજારોને બંદૂકની બેયોનેટ હુલાવી ક્રૂરરીતે મારી નાંખ્યા, સેંકડો પુરુષ-સ્ત્રીઓને જીવતા સળગાવ્યા તો હજારોને જીવતા જ ભોંયમાં દાટી દીધા. તેમના ઘાતકીપણાની હદ તો ત્યારે આવી કે, જાપાની સૈનિકોએ ઘણાં બધા ચીની સૈનિકો અને યુવતીઓના પેટમાં બેયોનેટ હુલાવી જીવતે જીવ તેમના આંતરડા બહાર કાઢી નાંખ્યા હતા.

ત્રણ વર્ષ સુધી સતત નાનકિંગ શહેરમાં જાપાનીઓએ ગુજારેલા બેહદ અત્યાચારો વિશેની વિગતો અને તથ્યો એકઠા કરીને પછી આઈરિશ ચાન્ગે "THE RAPE OF NANKING" પુસ્તક લખ્યું. આ પુસ્તકે વિશ્વભરમાં ખળભળાટ મચાવી મૂક્યો કારણ હિટલર કે સ્ટાલિને ગુજારેલા અત્યાચારોનું દસ્તાવેજીકરણ થઈ ચૂક્યું છે પણ નાનકિંગનું અતિ કલંકિત પ્રકરણ સાવ જ ભુલાઈ ગયુ હતું કે પછી ભુલાવી દેવામાં આવ્યું હતું. પરંતુ યૌવનથી થનગનતી આઈરિશે ત્રણ વર્ષની અથાગ મહેનત બાદ નાનકિંગના અત્યાચારોનું કાળજુ કંપાવતું પુસ્તક બહાર પાડ્યું તે પછીની બીજી હકીકત એનાથીય વધારે ધ્રુજાવી દે તેવી છે.

આઈરિશ ચાન્ગનો જન્મ ૨૮મી માર્ચ ૧૯૬૮ ના દિવસે થયો હતો. તેનું નાનકિંગ વિશેનું Best-seller પુસ્તક ૧૯૯૭ માં પ્રકાશિત થયું કે જ્યારે આઈરિશની ઉંમર હતી કેવળ ૨૯ વર્ષની. ખરી કરુણતાની વાત હવે આવે છે. નાનકિંગના અત્યારોની વિગતો મેળવવા ત્રણ વર્ષ સુધી તેણે સતત જે સંશોધન કર્યું, તેની ભયંકર આડઅસર આઈરિશના મન પર પડી. પુસ્તક તો પ્રસિદ્ધ થઈ ગયું અને તે વિશ્વભરમાં ચર્ચાનો વિષય બની ગયું પણ તે પછી આઈરિશ ચાન્ગ ડિપ્રેશનમાં સરી પડી, તેની ઊંઘ વેરણ બની ગઈ.



વર્ષો સુધી ડિપ્રેશન અને અનિદ્રાથી પીડાતી આઈરિશ એ હદે ત્રાસી ગઈ કે તેણે તા. ૯મી નવેમ્બર ૨૦૦૮ ના દિવસે પિસતોલનું નાળચું મોઢામાં રાખી ટ્રિગર દબાવી દીધું. આમ ૩૬(૪૦) વર્ષની વયે આઈરિશે ખુદના જીવનનો અંત આણી દીધો..

અમેરિકાની આઈરિશ ચાન્ગ પત્રકાર, લેખિકા અને ઈતિહાસવિદ હતી. અમેરિકામાં ચાઈનિઝ ઈમિગ્રન્ટસ અને તેમના સંતાનો વિશે આઈરિશે લખેલું પુસ્તક THE CHINESE IN AMERICA પણ અમેરિકામાં અત્યંત જાણીતું છે.

ધ રેપ ઓફ નાનકિંગ પુસ્તકના "ઈન્ટ્રોડકશન" માં આઈરિશ લખે છે, "નાનકિંગમાં થયેલા અત્યાચારો વિશે હું નાની હતી ત્યારે મને પહેલ વહેલી જાણ થઈ હતી. મારા માતા-પિતા પાસેથી મને જાપાની સૈનિકોના અત્યાચારો વિશે ખબર પડી હતી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન મારા મા-બાપ ચીનમાં જ મોટા થયાં હતાં. વિશ્વયુદ્ધ સમાપ્ત થયું તે પછી તુરત તેઓ ચીનથી ભાગીને તાઈવાન ગયા અને ત્યાંથી પછી તેઓ અમેરિકા સ્થળાંતર કરીને ત્યાં જ સ્થાપી થયા હતા. મારા માતા-પિતા ફિઝીક્સ અને માઈક્રો બાયોલોજીના પ્રોફેસર હતા. પણ બીજા વિશ્વયુદ્ધમાં ચીન-જાપાન વચ્ચેની લડાઈ તેઓ ક્યારેય ભૂલ્યા નહોતા તેઓ બન્ને ઈચ્છતા હતા કે હું પણ નાનકિંગની ઘટનાઓ ક્યારેય ના ભૂલું. (ક્રમશઃ) ધ

## ★ આત્મવિજ્ઞાન - 3 ★★★

- પંડિત ખૂબચંદ કેશવલાલ.

**अनंत ब्रह्चुणो रूपं, निज देहे व्यवस्थितम् ।**
**ज्ञानहीना न पश्यंति, जात्यंधा इव भास्करम् ।।**

**ભાવાર્થ** - જેમ જન્મથી અંધ પ્રાણી, સૂર્યને દેખતો નથી, તેવી રીતે જ્ઞાનચક્ષુથી રહિત પ્રાણી, સ્વશરીરને વિષે વ્યાપક છતાં અનંત બ્રહ્મજ્ઞાન સ્વરૂપી આત્માને દેખતો નથી.

**વૈજ્ઞાનિક વિદ્વાનોની વિચારધારા :-**

વર્તમાનકાળમાં જે લોકો વસ્તુતત્ત્વનો ખુલાસો કરવામાં તે અંગે કેવળ વૈજ્ઞાનિક વિદ્વાનોની વિચારધારા ઉપર જ આધાર રાખે છે, તેવા લોકો, વૈજ્ઞાનિકક્ષેત્રમાં મશહૂર ધુરંધર વૈજ્ઞાનિક "સર ઓલિવર લૉજ " અને "લૉર્ડ કેલબિન "ની માન્યતા વિચારે તો દેહથી ભિન્ન એવા આત્માના અસ્તિત્વ અંગેની તેમની શંકા આપોઆપ દૂર થઈ જાય છે.

આ બન્ને ચૈતન્યવાદીઓની વિચારધારા અમુક વર્ષો પહેલાં "વસન્ત"

નામે પત્ર (છાપા)માં પ્રકાશિત થઈ હતી. આ બન્ને પાશ્ચાત્ય જ્ઞાનવિશારદ વૈજ્ઞાનિકોએ પોતાની સમગ્ર જિંદગીને ભૌતિક ખોજમાં વીતાવી હતી. પરંતુ તેમની દ્રષ્ટિ, ભૂતોથી પર એવા આત્મતત્ત્વ તરફ પણ પહોંચી હતી. તેમનું મન્તવ્ય હતું કે:-

"ચેતનના સ્વતંત્ર અસ્તિત્વ વિના જીવોના શરીરની વિલક્ષણ રચના કોઈ પણ રીતે બની શકતી નથી. જ્ઞાનની જડ (મૂળ) આ મસ્તિષ્ક નથી, પણ આત્મા છે. મસ્તિષ્ક તો જ્ઞાનના આવિર્ભાવોનું સાધન માત્ર છે."

આ રીતે તેઓએ ચેતન તત્ત્વને જડથી જુદું માની ઘણી જ સાવધાનીવાળી વિચારશ્રેણીથી જડવાદીઓની યુક્તિઓનું ખંડન કર્યું છે.

આત્માના અસ્તિત્વ અંગે "હું છું" એ રીતે રહેતા જ્ઞાનની હકીકત ઉપરથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે "હું" એટલે કાંઈક છું, તે વાત સિદ્ધ છે. એ "હું" એ જ આત્મા. આ રીતે શરીરથી ભિન્ન એવા આત્મદ્રવ્યની સિદ્ધિ તો સ્પષ્ટ છે.

## પુનર્જન્મ

કેટલાક લોકો પાંચ ભૂતો સાથે છઠ્ઠો પદાર્થ "જીવ" માને છે, પરંતુ તેની ઉત્પત્તિ તથા નાશ, પાંચ ભૂતોની સાથે જ માને છે, તેમનું માનવું એવું છે કે - "પાણી તે વરાળરૂપે થાય છે. તે જ વરાળ પાછી પાણી રૂપે થાય છે. વરાળ વસ્તુ દેખાય છે જુદી, પરંતુ તે પાણી જ છે. અગ્નિ તથા પાણીના સંયોગથી વરાળ ઉદ્ભવી છે. તેમ આત્મા પણ છે તો ખરો, હલન-ચલન-બોલવું વગેરે કામ જીવનું ખરું, પરંતુ તે જીવ કે આત્મા જે કહો તે ચીજ, પાંચ ભૂતોથી જ ઉત્પન્ન થયેલી છે. પાણીથી ઉત્પન્ન થયેલ વરાળ, જેમ પાછી પાણીરૂપે થઈ જાય છે, તેમ પાંચ ભૂતોમાંથી ઉત્પન્ન થયેલ ચેતના-જીવ જે કહો તે પાછો પંચભૂતો રૂપે થઈ જાય છે. માટે જીવને ભવાંતર જેવું કઈ રહેતું નથી."

આવા મતવાળાએ આત્માને માન્યો ખરો, પણ વાસ્તવિક રીતે નહિ માનતાં ઉત્પત્તિ તથા નાશ અહીં જ રાખ્યાં. આ રીતે ભવાંતર (પુનર્જન્મ)ને તેઓએ માન્યું નહીં.

ભવાંતર માનનારને પુણ્ય- પાપની વાત પણ માનવી પડે. અને પુણ્ય - પાપની વાત સ્વીકારનારને સ્વચ્છંદી (અધ્યાત્મ માર્ગથી વિપરીત) જીવન પર પણ પ્રતિબંધ મૂકવો પડે. એટલે પુનર્જન્મ વાતને જ ઉડાવી દેવાથી ભૌતિકવાદની મહત્તા સચવાઈ શકે. એ રીતે શરીરથી ભિન્ન એવા આત્મદ્રવ્યનો સ્વીકાર કરવા છતાં પણ, પુનર્જન્મને માન્ય નહીં રાખનારાઓ નાસ્તિક જ કહેવાય. કારણ કે જૈનદર્શન અને અન્ય દર્શનોમાં પણ નાસ્તિકતાનું લક્ષણ બતાવતાં કહ્યું છે કે- "नास्ति परलोकादिरिति मतिर्यस्य स नास्तिकः" અર્થાત્ - જેની માન્યતામાં પરલોક વગેરે



નથી, તે નાસ્તિક છે.

જીવની જવાબદારી આ ભવ પૂરતી જ માની ભવાંતર માટેની જવાબદારીથી છૂટી જવા, નાસ્તિકવાદીઓ કહે છે કે આત્મા નથી, એમ કોણ કહે છે ? છે ! છે ! પણ જેમ પરપોટો તે પાણીમાં પ્રગટે છે અને પાછો પાણીમાં જ લીન થાય છે, તેવી રીતે આત્મા પણ પાંચ ભૂતોમાંથી ઉત્પન્ન થાય છે, અને તેમાં (પાંચ ભૂતોમાં) જ તે નાશ પામે છે. આવી માન્યતા ધરાવનાર માટે પાપનો માર્ગ ખુલ્લો જ રહે છે. વર્તમાનયુગના કેટલાક જડવાદીઓ કેટલેક અંશે એ જ સિદ્ધાન્તનો પડઘો પાડી રહ્યા છે.

**પુનર્જન્મને નહીં માનવાથી થતું નુકસાન -**

પુનર્જન્મને નહીં માનવાથી કર્મબંધ, મોક્ષ, તેમજ આત્માની નિત્યતા સિદ્ધ થતી નથી. ધર્મ અને અધર્મની પણ સિદ્ધિ થતી નથી. અન્યના ઉપર ઉપકાર કરવાની નીતિ પણ કરોડો ઉપાયે સિદ્ધ થતી નથી. કેમકે જ્યાં પુનર્જન્મની માન્યતા નથી, ત્યાં એ બધું શા માટે ? આનાથી આપણું કલ્યાણ શું ?

વળી, પુનર્જન્મની માન્યતાના અભાવે જગતમાં "મત્સ્ય ગલાગલ (મોટું માછલું નાના માછલાને તે એનાથી નાના માછલાને ગળે) જેવી હાલત થાય છે." બળિયાના બે ભાગ જેવું બને છે. લૂંટફાટ, ખૂન, ભ્રષ્ટાચાર, એટમ આદિ બોમ્બોની વૃષ્ટિ દ્વારા કરોડો અબજો માનવોનો સંહાર, પ્રજાના અનેક વિધ પ્રયત્નો છતાં અણુબોમ્બના અખતરા બંધ નહીં કરવાનો આગ્રહ, આ બધું શાથી ? એ ખૂબ ઊંડા ઊતરીને વિચારીશું તો આપણને સમજાશે કે જીવના અસ્તિત્વની કેવળ આ ભવ પૂરતી જ માન્યતાના હિસાબે આ બધી મત્સ્યગલાગલ જેવી સ્થિતિ વિસ્તાર પામી છે.

આધુનિક વૈજ્ઞાનિકોએ ગમે તેટલા આવિષ્કારો કરી જગત સમક્ષ અનેક ભૌતિક અનુકૂલતાનાં સાધન ઉપસ્થિત કર્યાં, પરંતુ જગતમાં શાંતિ ક્યાં છે ?

પુનર્જન્મને માનનારાઓએ જગતનું જે ભલું કર્યું છે, તેવું ભલું અદ્યાપિ પર્યંત જડવાદીઓએ નથી કર્યું. પુનર્જન્મને માનનાર રાષ્ટ્રોએ જગતમાં જેવી શાંતિ ફેલાવી છે, તેવી શાંતિ કોઈ જડવાદી રાષ્ટ્રોએ ફેલાવી નથી. પુનર્જન્મને માનનારાઓએ જેવી રાજ્ય ભક્તિ અને રાજાની ભક્તિ કરી છે, તેવી જડવાદીઓએ કદાપિ કરી નથી.

પુનર્જન્મને માનનારાઓ જ ઈશ્વર અને ગુરુની ભક્તિ કરે છે. સર્વ જીવોની દયા કરે છે. પોતાના આત્મસમાન અન્ય આત્માઓને માની કોઈને દુઃખ આપતા નથી. લડાઈટંટા વગેરે પાપકર્મથી દૂર રહે છે. સર્વ જીવોનું ભલું ચાહે છે. નીતિધર્મમાં ચુસ્ત રહે છે. હૃદયમાં પુનર્જન્મની પડેલી ઊંડી છાપ, દુર્ગુણોનો નાશ કરે છે.

પુનર્જન્મને માનનારા રાષ્ટ્રોમાં જ સહાનુભૂતિ, પ્રેમ, પરોપકાર, દયા, નીતિ, લાંચરૂશવતોનો અભાવ, એ વગેરે દિનપ્રતિદિન વૃદ્ધિ પામે છે. આધુનિક શિક્ષણ પ્રાપ્તિમાં ભવાંતરના ધ્યેયની ગંધ સરખી પણ નથી. વર્તમાન જીવનની સુખ પ્રાપ્તિના સંયોગોમાં ભવાંતરનું લક્ષ્ય રાખવામાં આધુનિક શિક્ષિતો પાગલપણું ગણે છે. વર્તમાન કેળવણી પામેલાઓની જાહેર સભાઓમાં, મેળાવડામાં, પાર્ટીઓમાં અગર તો કોઈપણ પ્રકારના ઉત્સવોમાં, વર્તમાન જિંદગીની ભૌતિક સામગ્રીની અનુકૂળતાને અનુસરતાં વક્તવ્યો કે વાર્તાલાપો કરનારા જ વિદ્વાન વક્તાઓ કહેવાય છે. પશ્ચિમની આ સંસ્કૃતિનાં મૂળ, અધ્યાત્મપ્રધાન એવા ભારતની પ્રજામાં પણ હવે ખૂબ ઊંડાં ઊતરતાં જાય છે.

ભવાંતરના આત્મીય હિતને અનુલક્ષીને પૂર્વના ધર્માચાર્યોએ નિયંત્રિત ધાર્મિક ક્રિયાકાંડો કે મહોત્સવોની આધુનિક શિક્ષિતો દ્વારા ઠેકડી ઉડાવાય છે. આ બધી સ્થિતિ, પુનર્જન્મ પ્રત્યેના અવિશ્વાસ કે ઉપેક્ષાવૃત્તિના સંસ્કારથી જ ઉત્પન્ન થયેલી છે. પરંતુ આ રીતે વહેતી જીવનધારા દ્વારા જગતમાં ગમે તેટલી શાંતિની ઉદ્‌ઘોષણાઓ કરીએ, માનવસેવાની ટેલ ફેરવીએ, દેશોન્નતિની ભાવનાનો પ્રચાર કરીએ, તો પણ તે બધાનો સ્વીકાર કેવા હૃદયવાળા માનવીઓ કરે, તે વિચારવું ખાસ જરૂરી છે.

કેવળ આ ભવ પૂરતી જ આત્માના અસ્તિત્વની માન્યતાનો ધારક મનુષ્ય, કયા હિસાબે પોતાને પ્રાપ્ત ભોગ- ઉપભોગની સામગ્રીનો બીજાના માટે ત્યાગ કરશે ? અગર બીજાઓને સુખી કરવા માટે સ્વયં દુ:ખી થવાનું કયા સિદ્ધાન્તના આધારે સ્વીકારશે ? માટે સ્વાર્થ કરતાં પરાર્થની શ્રેષ્ટતા નિશ્ચિત કરાવવા માટે પુનર્જન્મનો સ્વીકાર અવશ્ય કરવો જ પડશે. પુનર્જન્મ ન હોત તો -

**निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु, लक्ष्मी समाविशतु, गच्छतु वा यथेष्टम् ।**
**अद्यैव वा मरणमस्तु, युगान्तरे वा, न्यायात्पथः प्रविचलन्ति, पदं न धीराः ।।**

**ભાવાર્થ** - બહુજન સ્તુતિ કરે યા નિન્દા કરે, લક્ષ્મી આવે યા જાય. સર્વ પદાર્થોથી પ્રિય એવા પ્રાણોનો વિયોગ કરાવનાર મરણ આજે આવે યા યુગાન્તરે આવે, તો પણ બુદ્ધિમાન પુરૂષો ન્યાયના માર્ગેથી એક ડગલું પણ પાછા હટતા નથી. વગેરે પદો કેવળ સાહિત્યની શોભા માટે જ રહેવા પામત.

ઉપરના શ્લોકથી, જિંદગીના ભોગે પણ નીતિના પરિપાલનની મક્કમતા સૂચવવા વડે પુનર્જન્મની આપોઆપ સિદ્ધિ થાય છે. કારણ કે આ જિંદગી પૂર્ણ થયા બાદ, આત્માનું અસ્તિત્વ ન રહેતું હોત તો નીતિના પાલનમાં મરણને પણ હર્ષ ભર સ્વીકારી લેવાનો શું હેતુ ? માટે જ્યાં પુનર્જન્મની શ્રદ્ધા નથી ત્યાં લક્ષ્મી



અને પ્રાણ કરતાં પણ નીતિની કિંમત કદાપિ અધિક બની રહે જ નહિ.

એક જીવના જન્મ સમયે તે આત્મ દ્રવ્યની ઉત્પત્તિ, કે મરણ સમયે તે આત્મ દ્રવ્યનો જગતમાંથી સર્વથા નાશ થવાની માન્યતા તદ્દન ખોટી છે. કેમકે શરીરધારી તરીકે જન્મ પામ્યા પહેલાં તે જીવનું અન્ય કોઈ સ્થાને અસ્તિત્વ હતું જ નહિ, અગર તે શરીરમાંથી છૂટી ગયા બાદ પુન: દેહધારી તરીકે તે આત્માનું અસ્તિત્વ હશે જ નહિ, એવી માન્યતા ધરાવનાર ખોટા જ છે.

અનેક દાર્શનિકશાસ્ત્ર પ્રમાણે, અનુમાનો, સંસ્કારો, વિજ્ઞાનકારો તથા પ્રત્યક્ષ પુરાવાઓથી પણ પુનર્જન્મ સિદ્ધ છે. તેમાં પ્રથમ દાર્શનિક શાસ્ત્રપ્રમાણથી પુનર્જન્મનું અસ્તિત્વ સિદ્ધ કર્યા બાદ અન્ય પ્રમાણોથી પણ તેના અસ્તિત્વ અંગે વિચારીશું.
જૈન દર્શનકારનું કથન -

**इह खलु अणाइ जीवे, अणाइ जीवस्स भवे, अणाइकम्म**
**संजोग निव्वत्तिए, दुःखरूवे, दुःखफले, दुःखानुबंधे ।**

**ભાવાર્થ** - આ સંસારમાં નિશ્ચયથી જીવ અનાદિ છે. જીવનો સંસાર અનાદિ છે. એ સંસાર, અનાદિ કર્મ સંયોગથી થયેલો છે. તથા દુ:ખરૂપ છે. દુ:ખના ફળવાળો છે અને દુ:ખનો જ અનુબન્ધ કરાવનાર છે.

ઉપરોક્ત કથનમાં જીવનું અનાદિપણું હોવા અંગે નવું શરીર ધારણ કરવા ટાઈમે (જન્મ પામવા ટાઈમે) આત્માનો પુનર્જન્મ સિદ્ધ થાય છે.

**एवं अणोरपारे, संसारे सायरंमि मीमंमि ।**
**पत्तो अणंतखुत्तो, जीवहिं अपत्त-धम्मेहिं ।।**

**ભાવાર્થ** - એ પ્રમાણે અપાર અને ભયંકર એવા સંસાર સમુદ્રને વિષે, ધર્મ નહિપામેલા જીવોએ અનંતીવાર મરણ પ્રાપ્ત કર્યાં છે.

અહિ આ અનંતીવાર મરણનું કથન, અનંતીવાર જન્મ પણ સિદ્ધ કરે છે. કારણ કે જન્મ હોય ત્યાં જ મરણ છે. આથી પણ પુનર્જન્મ સિદ્ધ થાય છે.
વળી પણ કહ્યું છે કે :-

**कोटिशो विषयाः प्राप्ताः, संपदश्च सहस्रशः ।**
**राज्यं तु शतशः प्राप्तं, न तु धर्मं कदाचन ।।**

**ભાવાર્થ** - આ જીવને ઈંદ્રિયોના વિષયો કરોડોવાર પ્રાપ્ત થયા. હજારોવાર લક્ષ્મી પ્રાપ્ત થઈ. સેંકડોવાર રાજ્ય પ્રાપ્ત થયું. પરંતુ ક્યારેય પણ ધર્મ હજુ પ્રાપ્ત થયો નથી.

ઉપરોક્ત સામગ્રીઓની અનેકશ: પ્રાપ્તિસૂચક દ્વારા પણ પુનર્જન્મ નક્કી

છે. વળી-

**काले अणाइ निहणे, जोणि गहणंमि भीषणे इत्थ ।**
**भमिया भमिहिंति चिरं, जीवा जिणवयणमलहंता ।।**

ભાવાર્થ - અનાદિ અનંતકાળને વિષે શ્રી જિનવચનને નહિ પામેલા જીવો યોનિવડે દુઃખ દેનાર, ભયંકર, આ સંસારને વિષે ઘણા કાળ સુધી ભમ્યા છે, અને ભમશે.

આ રીતે ધર્મ પ્રાપ્તિના અભાવે સંસારમાં જીવોનું દીર્ઘકાળ પર્યંત વિવિધ જન્મરૂપે થતું ભ્રમણ તે અનેક વખત થતી પુનર્જન્મની સત્યતા દર્શાવે છે.

**(ક્રમશઃ)**

## ★ પૂ. ગુરુદેવનાં પગલે.... વચને... ★★★

**- સંકલન**

**વર્ષીતપ આરાધકોની બીજી સમૂહ યાત્રાઃ**

પૂ. આગમ-શિલ્પ-વિધિવિધાન વિશારદ આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શન-સૂરીશ્વરજી મહારાજા આદિ ઠા.૨ તથા પૂ. પ્રવર્તિની સાધ્વીજી ભદ્રિકાશ્રીજી મ. આદિ ઠાણાં-૪ ની નિશ્રામાં ચાલતા સમૂહ વર્ષીતપની બીજી યાત્રા મહારાષ્ટ્રનાં તીર્થોની થઈ.

સં.૨૦૮૦ માગ.વ.૫ તા. ૨.૧૨.૨૩ શનિવારે સવારે અયોધ્યાનગરીમાં સામુદાયિક બિયાસણાં કરીને પ્રયાણ થયું. સાંજનાં બિયાસણાં વાપીમાં થયાં. તેની વ્યવસ્થા તથા સંપૂર્ણ લાભ, વર્ષીતપ સંકલન સમિતિના મેમ્બર અતુલભાઈ અશોકભાઈ વાસણવાળાના વેવાઈ કલ્પેશભાઈ તરફથી લેવાયો. તથા તેઓએ સૌને પ્રભાવના-બહુમાન કર્યું: વચમાં બલેશ્વરતીર્થનાં દર્શન કર્યાં. ત્યાંથી નીકળી રાત્રિ રોકાણ શ્રીનાગેશ્વર ધામમાં થયું. બીજે દિવસે માગ.વ.૬ તા.૩-૧૨-૨૩ રવિવારે સવારે શ્રીનાગેશ્વરધામમાં પૂજા-અર્ચના કરી શાહપુર શંત્રુજય માનસ-મંદિર ગયા. ત્યાં પૂજા-અર્ચના કરી ત્યાંથી ધર્મચક્રતીર્થ થઈ વણી-શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થ કરી રાત્રિ રોકાણ સાપુતારા-ગજાભિષેક તીર્થમાં થયું. માગ.વ.૭ તા.૪-૧૨-૨૩ સોમવારે બંને ટાઈમનાં બિયાસણાં ત્યાં જ કરાવાયાં. અંતે ત્યાં લાભાર્થી નવનીતલાલ કસ્તૂરચંદ પરિવારનું બહુમાન થયું. વિશિષ્ટ પ્રભાવના થઈ. ત્યાંથી બોરસદ પરત આવ્યા.

**પોષદશમીની આરાધનાઃ** વર્ષીતપના ૧૫૧ આરાધકોમાંથી લગભગ ૭૫ જેટલા આરાધકોએ પોષદશમીના અટ્ઠમ કર્યા. તેમજ છૂટાવાળા લગભગ વીશેક અટ્ઠમ તથા ત્રણ એકાસણાવાળા લગભગ ૧૫ આરાધકો થયા. આ તપના પારણાં-ઉત્તરપારણાં તથા ત્રણ એકાસણાંનો લાભ એક ભાગ્યશાળીએ લીધો. અંતે અટ્ઠમવાળાને રૂ.૪૨૫ની તથા ત્રણ એકાસણાંવાળાને રૂ.૨૭૫ની સમૂહ પ્રભાવના થઈ.

**વર્ષીતપવાળાની ત્રીજી સમૂહ યાત્રાઃ**

માગ.વ.૦)) તા. ૧૧-૧-૨૪ ગુરુવાર સાંજનાં બિયાસણાં કરાવી પૂજ્ય આચાર્ય ભગવંત તથા સાધ્વીજી મ.ની ઉપસ્થિતિમાં માંગલિક શ્રવણ પૂર્વક બોરસદથી પ્રયાણ થયું. શ્રીશંખેશ્વરતીર્થમાં રાત્રિ રોકાણ થયું. પો.સુ.૧ તા. ૧૨-૧-૨૪ શુક્રવારે સવારે પૂજા કરી ચૂલીતીર્થે, વંથલી તથા રાજકોટના નાગેશ્વર ધામ દર્શન કરી રાત્રિ રોકાણ ઢંકગિરિ કર્યું.

ઢંકગિરિમાં સવારે બિયાસણાં કરી પૂજા-અર્ચના કરવા પૂર્વક શ્રીસિદ્ધચક્ર મહાપૂજન ભણાવાયું. ૧૦રૂ. તથા જયણાની કીટની પ્રભાવના અપાઈ. પ્રાચીન ઢંકગિરિનો મહિમા સાંભળી કેટલાક ભાગ્યશાળીઓ યાત્રા કરી આવ્યા. ત્યાં નિર્માણાધીન શ્રી ઋષિમંડલ તીર્થમાં પ્રતિમા ભરાવવા વગેરેનો કેટલાક ભાગ્યશાળીઓએ લાભ લીધો.

એમાં ચોવીશ ભગવાન પૈકી એક ભગવાનનો લાભ આ યાત્રાના લાભાર્થી શા. મગનલાલ ફૂલચંદ પરિવારે, એક ભગવાનનો લાભ સંઘવી વસુમતીબેન અશોકભાઈ વાસણવાળા પરિવારે તથા એક ભગવાનનો લાભ કે.સી શાહ તથા તેમના ગ્રુપે ભેગા મળીને લીધો. સંઘવી પરિવારે વેયાવચ્ચમાં પણ લાભ લીધો.
સાંજે ભાવના કરી નીકળ્યા. ગિરનાર-જૂનાગઢ રાત્રિ રોકાણ કર્યું. પો.સુ. ૩+૪ તા.૧૪.૧.૨૪ રવિવારે સવારે ગિરનારની પહાડયાત્રા કરી. શ્રીનેમિનાથ ભગવાનના પ્રક્ષાલનો લાભ યાત્રાના લાભાર્થી પરિવારે લીધો. જ્યારે ચંદનપૂજાનો લાભ વર્ષીતપ સંકલન સમિતિના સભ્ય કુમારપાળભાઈ અમીચંદજી બાગરેચા પરિવાર વતી પરેશભાઈએ લીધો.
સાંજે લાભાર્થી પરિવારનું બહુમાન થયું. તપસ્વીઓને ચાંદીની નવકારવાળીની પ્રભાવના લાભાર્થીએ કરી. તપસ્વીઓ સિવાય કેટલાક મહેમાનોને પણ લાભાર્થીએ આમંત્રિત કર્યા હતા.

**દીક્ષાસ્મૃતિદિન :** જૈનશાસનના મહાન જ્યોતિર્ધર, વ્યા.વા., તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ આ.ભ.શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના ૧૧૧મા દીક્ષાસ્મૃતિદિન નિમિત્તે ગુણાનુવાદ થયા. ગુરુભક્તો તરફથી સંઘસાધાર્મિક વાત્સલ્ય થયેલ. તથા વ્યાખ્યાનમાં રૂ.૨૦ની અને પ્રતિક્રમણમાં રૂ.૧૧૧ની પ્રભાવના થઈ હતી.

પો.વ.૭ તા. ૨-૨-૨૪ શુક્રવારે સવારે બેંગલોર-બસવેશ્વરથી હાલારી વીશા ઓસવાલ સંઘના-૧૬૦ ભાવિકો વંદનાર્થે આવ્યા હતા. મણિલક્ષ્મી તીર્થથી સવારે અહીં આવી પૂજા-અર્ચના કરી. ત્યારબાદ પૂ. આચાર્ય ભગવંતે હિતશિક્ષા સ્વરૂપ માર્મિક પ્રવચન આપ્યું હતું. બેંગલોરથી પધારેલ છગનભાઈએ બેંગલોરના ચોમાસાની તથા પોતાને થયેલ કેન્સરની બીમારીમાં પૂજ્યશ્રીએ આપેલી સમાધિ માટેની પ્રેરણા અને મંત્રની વાત કરી. રૂ.૨૦ની પ્રભાવના થઈ. જીવીબેન કાળીદાસ નગરિયાએ તથા પધારેલા યાત્રિકોએ રૂ.૧૧-૧૧ હજાર બોરસદના વીશા ઓસવાલ જૈનસંઘમાં સાધારણખાતે લખાવ્યા. બોરસદના શ્રીસંઘે બધાની નવકારશીથી ભક્તિ કરી. ટ્રસ્ટીઓનું બહુમાન કર્યું હતું.

**ચોથી સમૂહયાત્રા:** પોષ વ.૧૧ તા. ૬.૨.૨૪ મંગળવારે સાંજનું બિયાસણું અયોધ્યા નગરીમાં જ કરાવાયું. રૂ.૭૦ની પ્રભાવના અપાઈ. યાત્રાના લાભાર્થી શ્રીમતી વિરુબેન ચન્દ્રકાંતભાઈ શાહ તરફથી બિયાસણાં હતાં.

પૂજ્ય ગુરુદેવના માંગલિક શ્રવણ પૂર્વક અને તીર્થના મહિમાનાં ગુણગાનના શ્રવણ પૂર્વક યાત્રા માટે પ્રસ્થાન થયું. લગભગ ૩૦૦ ભાવિકો યાત્રામાં જોડાયા હતા. રાત્રે પાલિતાણા પહોંચ્યા. પો.વ.૧૨ તા.૭-૨-૨૪ બુધવારે ગિરિરાજની યાત્રા કરી. કેટલાક ભાગ્યશાળીઓએ ૨-૩-૪ યાત્રા કરી.

બે પુણ્યશાળી વર્ષીતપવાળા-પ્રતીકભાઈ અને હાર્દિકભાઈ બગડિયાએ તો ચોવિહાર છઠ્ઠના તપ સાથે સાત યાત્રા કરી. મેરુતેરસના કલ્યાણકની ઉજવણીનો લાભ આ વર્ષે બોરસદના ભાગ્યશાળી કેહુલભાઈએ જ લીધો હતો. એ જ ભાગ્યશાળીએ આ યાત્રાનો પણ લાભ લીધો હતો.

પો.વ.૧૩ તા. ૮.૨.૨૪ ગુરુવારે કલ્યાણકનો ભવ્યાતિભવ્ય વરઘોડો નીકળ્યો હતો. જેમાં ભાવનગર-પાલિતાણાના રથ ઉપરાંત નંદ-પ્રભા પરિવારે ઋજુલાલિકાની અંજન-પ્રતિષ્ઠા માટે નવો તૈયાર કરાવેલો ચાંદીનો રથ મળી ચાર રથ વગેરે સામગ્રી હતી.

સવારે ૧૦-૦૦ કલાકે શ્રી અષ્ટાપદતીર્થની પૂજા ભણાવાઈ હતી. પૂજા બાદ સાંજે વર્ષીતપના તપસ્વીઓની દૂધથી પગ ધોઈને બિયાસણાની ભક્તિ કરી. ચાંદીના પતરાપર નવકારમંત્રની ફ્રેમ દરેક ભાગ્યશાળીને લાભાર્થી પરિવારે આપી હતી.

સાંજે નવકારધામ જઈ ત્યાંથી ગિરિરાજની આરતી ઉતારી. ત્યાં લાભાર્થીનું બહુમાન વગેરે થયેલ. રૂ.૧૦૦-૧૦૦ની પ્રભાવના થઈ. યાત્રા યાદગાર અને ચિરસ્મરણીય બનવા સાથે ભાવવાહી થઈ. ચારે યાત્રાઓ ઉત્તરોત્તર ચઢિયાતી થઈ. રાત્રે બોરસદ પધાર્યા.



**દીક્ષાતિથિ:**

મહા સુ.૫ તા. ૧૪.૨.૨૦૨૪ બુધવારે પૂ.પ્રવર્તિની સા.ભદ્રિકાશ્રીજીમ.ના સંયમ જીવનના ૫૯મા વર્ષમા મંગલ પ્રવેશ નિમિત્તે સામુદાયિક પ્રતિક્રમણનું આયોજન થયેલ. પુરુષો-બહેનો: બંને જગ્યાએ રૂ.૬૭ની પ્રભાવના અપાઈ. શાંતિનાથ ભગવાનને વિશિષ્ટ અંગ-રચના કરાઈ હતી.

મહાસુ.૬ તા. ૧૫.૨.૨૪ ગુરુવાર આજે ધર્મતીર્થપ્રભાવક પૂ.ગુરુદેવ આ.ભ.શ્રીમદ્ **વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાના ૮૨મા દીક્ષાસ્મૃતિ દિવસ** સાથે પૂ.સા.હર્ષનંદિતાશ્રીજીમ.નો સંયમ જીવનના ૫૦ મા વર્ષમાં પ્રવેશ પૂ.તપસ્વિની સા.પદ્મનંદિતાશ્રીજીમ.નો સંયમજીવનના ૨૭મા વર્ષમાં પ્રવેશ હોવાથી પ્રવચનનું આયોજન થયેલ. ૫૦ ગહુંલી કરવામાં આવી હતી. દીક્ષાધર્મ ઉપર પૂજ્યશ્રીનું પ્રવચન થયું. અંતે રૂ.૫૦ની પ્રભાવના થઈ. સાંજે સામુદાયિક પ્રતિક્રમણમાં ભાઈઓ-બહેનોમાં બંને જગ્યાએ રૂ.૫૦-૫૦ની પ્રભાવના અપાઈ હતી. ધ

## ★ આ અંકની લઘુકથા ★★★

**સ્વાર્થી પત્ની-સુરૂપા(ગતાંકથી)**

રંગ શેઠને હવે માત્ર સ્ત્રી જ નથી ઓળખાઈ... સ્ત્રી પર જ વૈરાગ્ય નથી આવ્યો. આવી પાપવૃત્તિ અને પાપપ્રવૃત્તિ કરનારી સ્ત્રી (પત્ની) પ્રત્યે દ્વેષ નથી જાગ્યો... કારણ, શેઠે જ્ઞાન દૃષ્ટિથી અને જ્ઞાનીઓનાં અકાટ્ય વચનોથી સ્ત્રી સહિત સમગ્ર સંસારનાં સ્વરૂપને વિચાર્યું. માયા-કપટ વગેરે જન્મજાત ગુણો (!) સ્ત્રીમાં હોય જ છે. સ્ત્રી જો સરળ નીકળે તો આશ્ચર્ય ગણાય. માટે જ તો કહેવાય છે કે અનંતી પાપરાશિ ઉદયમાં આવે ત્યારે જ સ્ત્રીનો અવતાર મળે છે. આટલા મોટા પ્રમાણમાં પાપના ઉદય વચ્ચે પાપવૃત્તિ કે પ્રવૃત્તિ વિજય મેળવવાનું કાર્ય બેશક કઠિન જ કહેવું પડે.

જેને સ્ત્રી ઓળખાય તે સ્ત્રી સાથે રહી શકે? જેને સંસાર ઓળખાય, સંસારનું વાસ્તવિક અને વરવું સ્વરૂપ ઓળખાય તેને સંસારનો રાગ હોઈ શકે? અરે! સંસારથી ભાગી છૂટવા જ મથતો હોય... હવે કહેવાની જરૂર નથી કે - રંગ શેઠ સંસારનો ત્યાગ કરી, સંસારને અલવિદા કરી, વૈરાગ્યવાસિત થઈ દીક્ષાના કલ્યાણકારી અને નિષ્પાપ માર્ગે ચાલી નીકળ્યા.

સંયમની શ્રેષ્ઠ સાધના સાથે સમ્યક તપની સહાય લીધી. ચિકણાં કર્મને અલ્પ સમયમાં ખપાવી દેવાના સામર્થ્યવાળા તપના યોગે થોડા જ સમયમાં કર્મોના ભુક્કા બોલાવી રંગશેઠનો જીવ, કાયમ માટે અવિચલ સ્થાન સ્વરૂપ સિદ્ધ તરીકે સ્થિર થઈ ગયો. ધ